# સાબરકાંઠામાં કોરોનાના વધુ આઠ કેસ નોંધાયા

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના કેસમાં ઉછાળો આવી રહ્યો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન વધુ આઠ નવા કેસ ઉમેરાયા છે. જેને લઈને શુક્રવાર સુધીમાં કોરોના પોઝીટીવ કેસનો કુલ આંકડો ૬૮૮ પર પહોંચી ગયો છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં એટલે કે ગુરૂવારે સાંજે પાંચ વાગ્યાથી શુક્રવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં જે નવા આઠ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગર, ઈડર અને તલોદ તાલુકાનો સમાવેશ થાય છે.

સૂત્રોના જણાવાયા મજુબ હિંમતનગરમાં આવેલ હિરાબાગ સોસાયટીમાં ૧૭ વર્ષીય પુરૂષ, લક્ષ્મીનારાયણ સોસાયટીમાં ૫૯ વર્ષીય પુરૂષ તથા ઉદય અલકાપુરી સોસાયટીમાં ૩૦ વર્ષીય મહિલા કોરોનાની ઝપટમાં આવી ગયા છે. તેજ પ્રમાણે ઈડરના દલજીતનગરમાં રહેતા ૬૦ વર્ષીય પુરૂષ, ચોરીવાડ ગામમાં ૨૩ વર્ષીય પુરૂષ, સિંગા ગામમાં રહેતા ૬૭ વર્ષીય પુરૂષ તથા માથાસુર ગામના ૩૯ વર્ષીય મહિલા ઉપરાંત તલોદના કહાનનગર સોસાયટીમાં રહેતા ૫૫ વર્ષીય પુરૂષ કોરોનાનો શિકાર બન્યા છે. જેને લઈને તમામ પરીવારોમાં ચિંતાની લાગણી પ્રસરી ચુકી છે.

ઉલ્લેખનીય છે કે જિલ્લામાં અત્યાર સુધી નોંધાયેલા ૬૮૮ કેસ પૈકી ૬૧૨ દર્દીઓ સાજા થયા છે. જ્યારે ૮ લોકો કોરોના સામેની લડતમાં હારી ગયા છે.



## ફરીએ પ્રક્ષાલન વિધિ હોવાથી શક્તિપીઠ અંબાજી મંદિર બંધ રહેશે

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે મંદિરની પ્રણાલિકા મુજબ તા. ૦૬/૦૯/૨૦૨૦, ભાદરવા વદ-૪ (ચોથ) રવિવારના રોજ માતાજીના નિજ મંદિરમાં પ્રક્ષાલન વિધિ હોવાથી અંબાજી મંદિર દર્શનાર્થીઓ માટે એક દિવસ દર્શન પુરતુ બંધ રહેશે. તા. ૦૭/૦૯/૨૦૨૦ થી આરતી અને દર્શનનો સમય રાબેતા મુજબ રહેશે. તેમ વહીવટદાર અને નાયબ કલેક્ટરશ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટે જણાવ્યું છે.

### ડીસા પાલિકાની સાધારણ સભામાં સાયન્સ કોલેજ ચમકી

# પાલિકા પ્રમુખ અને ભાજપના સભ્યો આમને-સામને

ડીસા નગરપાલિકાની મળેલી સામાન્ય સભામાં સૌથી મોટી બે વાત સામે આવી છે. ગત સભાના પ્રોસેડિંગ સામે વાંધો રજૂ કરવા દરમ્યાન હોબાળો થયો

બનાસકાંઠા જીલ્લાની ડીસા નગરપાલિકામાં શુક્રવારે સામાન્ય સભા મળી હતી. જેમાં ગત બેઠકની કાર્યવાહી નોંધને મંજૂરી આપવા દરમ્યાન નગરસેવક અને લેખિત વાંધો રજૂ કર્યો છતાં પ્રોસેડિંગમાં વાંધો લખેલ ન હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો.

કોર્પોરેટર પ્રવિણ માળી અને નિલેશ ઠક્કરે સાયન્સ કોલેજ મુદ્દે



હતો. આ સાથે સત્તા પક્ષના જ કેટલાક નગરસેવકોએ સભા દરમ્યાન સાયન્સ કોલેજની મંજૂરી સહિતના મુદ્દે પોતાની વાત રજૂ કરતાં શોર-બકોર મચી ગયો હતો. સભ્યો ચીફ ઓફીસર અને પ્રમુખને ઉદ્દેશીને વાત રજૂ કરવા દરમ્યાન ધારાસભ્યની વાત પણ સામે આવતી હતી. આવી સ્થિતિમાં ભાજપ તરફથી ચૂંટાયેલા સત્તાધિશો વચ્ચે તાલમેલ હોવાને લઈ અનેક સવાલો ઉભા થયા છે.

પૂર્વ પ્રમુખ પ્રવિણ માળી અને નગર સેવક નિલેશ ઠક્કરે લેખિત વાંધો રજૂ કરવા કવાયત હાથ ધરી હતી. જેમાં ગત તા.૧૩-૦૭-૨૦૨૦ના ઠરાવ નં-૧૦૬ બાબતે પાલિકા સંચાલિત એસસીડબલ્યું હાઈસ્કુલમાં સાયન્સ કોલેજની મંજૂરીને લઈ વાંધો ઉઠાવ્યો હતો. જેમાં યુનિવર્સિટીની ગાઈડલાઈન મુજબ શાળા પાસે ૫ એકર જમીન પુરતી ન હોવાથી ગત તા. ૩-૦૨-૨૦૨૦ના રોજ મળેલી સભામાં ઠરાવ નં-૧૦૬ અંગે ભવિષ્યમાં કોઈ કાયદાકીય બાબતો ઉભી થાય તો નાણાંકીય જવાબદારી ના બને તે હેતુથી વાંધા અરજી આપી હોવાનું કહ્યુ છે. પાલિકાની સામાન્ય સભામાં સાયન્સ કોલેજ, સ્મશાનમાં વિકાસ કામ સિવાય અન્ય કેટલાક મુદ્દે પણ નગરસેવકોએ પાલિકા અધિનિયમ દર્શાવતા પુસ્તક સાથે દલીલો રજૂ કરતાં ઘડીભર વહીવટી સમજનો ટકરાવ સર્જાયો હતો.

## આજે સાબરકાંઠા-અરવલ્લીની મુલાકાતે આવનાર પ્રદેશ અધ્યક્ષનું અભિવાદન કરાશે

### હિંમતનગરમાં મોતીપુરાથી બાઈક રેલી યોજાશે

હિંમતનગર, તા. ૪

ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત પ્રમુખ છેલ્લા બે દિવસથી ઉત્તર ગુજરાતના પ્રવાશે છે ત્યારે તેઓ શનિવારે રોડ માર્ગે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પ્રવાશે આવી રહ્યા છે. ત્યારે હિંમતનગર ખાતે તેઓનું કાર્યકરો દ્વારા સ્વાગત કરાશે અને બાઈક રેલી દ્વારા તેઓ શહેરના ટાવરચોક તથા સિવિલ સર્કલ પાસે આવેલ પ્રતિમાઓને પુષ્પાંજલી અર્પણ કરશે.

ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ તરીકે નિમાયેલા સી.આર. પાટીલ હિંમતનગર ખાતે યોજાનાર કાર્યક્રમમાં સાબરકાંઠાના અંદાજે ૬૫૦ થી વધુ કાર્યકરો સાથે મુલાકાત કરીને તેમની રજુઆતો સાંભળશે. જોકે કાર્યક્રમ દરમિયાન બે તબક્કામાં રાજકીય અગ્રણીઓ તથા સહકારી અગ્રણીઓ સાથે સંવાદ કરીને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અંગે માર્ગદર્શન આપશે એમ સહકારી અગ્રણી મહેશભાઈ પટેલ તથા ભાજપના અગ્રણીઓ દ્વારા જણાવાયુ છે.

## પ્રાંતિજમાંથી આઈવા ડમ્પર (ટ્રક) ચોરી થતા પોલીસ ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ માંથી નવ લાખના આઈવા ડમ્પર કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ જતાં ટ્રક માલિક દ્વારા પોલીસ ફરીયાદ. પ્રાંતિજ ખાતે રહેતા કલ્પેશભાઇ રમેશચંદ્ર શાહ રહે. એ.૫૬ ગ્રીનપાર્ક સોસાયટી વિભાગ-૧મા રહેતા કલ્પેશભાઇ કે જેવો નો આઈવા ડમ્પર નં-GJ09 AY-8055 જેની કિંમત-૯,૦૦,૦૦૦ કે જે પ્રાંતિજ એકસપરી મેન્ટલ સ્કુલ ની પાસે આવેલ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ હતી જે તા.૩-૯-૨૦ થી તા.૪-૯-૨૦ સુધીમાં કોઇ અજાણ્યા ડમ્પર ચોર ચોરી કરી લઈ જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં ટ્રક માલિક કલ્પેશ કુમાર રમેશચંદ્ર શાહ દ્વારા ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે અજાણ્યા ડમ્પર ચોર વિરુદધ ગુનોનોધી પ્રાંતિજ પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર એ.જે.ચાવડા દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે.

### બાયડ ધારાસભ્ય જશુ પટેલ સામે માલપુર ભાજપે મોરચો માંડ્યો

# ધારાસભ્ય પ્રસિદ્ધિ માટે સ્ટંટ કરતાં હોવાનો આક્ષેપ, કલેક્ટરને રજુઆત કરી

અરવલ્લી જિલ્લાના બાયડના કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલે તેમના મત વિસ્તારમાં વિકાસના કામો પ્રભારી મંત્રીના ઈશારે અમલદારો પ્રજાહિતના મંજૂર કરાયેલ કામો રાતોરાત બદલી માત્ર હિત ધરાવતા કામો જ યાદીમાં સામેલ કરવામાં આવતા હોવાનો અને અને જીવને જોખમ સર્જાયુ હોવાનો પત્ર લખતા જ સ્થાનિક રાજકીય મામલો ગરમાયો છે ત્યારે માલપુર તાલુકા ભાજપ અને કેટલાક સરપંચોએ ધારાસભ્ય જશુ પટેલ સસ્તી પ્રસિદ્ધિ માટે સ્ટંટ કરતા હોવાનો આક્ષેપ કરી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપતા જીલ્લાના રાજકારણમાં ભારે ધારાસભ્ય જશુ પટેલ ખોટી પ્રસિદ્ધિ માટે સ્ટંટ કરી રહ્યા છે તેમના આક્ષેપ તદ્દન વાહિયાત હોવાનું અને માલપુર તાલુકા પ્રમુખ તેમના ભાભી છે તેમના અધ્યક્ષસ્થાન હેઠળ નક્કી થયેલ કામો બદલી તેમને ભ્રષ્ટાચાર કરવો છે તે શક્ય ન બનતા રાજકીય સ્ટંટ કરી રહ્યા છે



વહીવટી તંત્ર દ્વારા વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે જીલ્લા કલેક્ટર ઓફિસમાં નીચે બેસી જઈ અને કલેક્ટર કચેરી પરિસરમાં શર્ટ કાઢી ઉગ્ર વિરોધ નોંધવી રામધૂન બોલવી હતી અને બીજા દિવસે ચાર રસ્તા પર ધરણા અને સૂત્રોચ્ચાર કરી જીલ્લા કલેક્ટર અને વહીવટી તંત્રના અધિકારીઓ કોંગ્રેસના ધારાસભ્યો સામે અને તેમના મત વિસ્તારમાં વિકાસના કામોમાં મનસ્વી વર્તન કરતા હોવાના આક્ષેપ કર્યો હતો ગરમાવો આવી ગયો છે ભાજપ-કોંગ્રેસના રાજકારણમાં વહીવટી તંત્ર પીસાઈ રહ્યું છે.

શુક્રવારે માલપુર તાલુકા ભાજપ પ્રમુખ અને કેટલાક સરપંચ જીલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી ધારાસભ્ય વિરુદ્ધ આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા માલપુર ભાજપ પ્રમુખ મુકેશસિંહ રાઠોડે બાયડ-માલપુર ધારાસભ્ય જશું પટેલ વિરુદ્ધ મોરચો ખોલ્યો હોય તેમ તેમને ધારાસભ્ય સામે આક્ષેપ કર્યા હતા અને જણાવ્યું હતું કે એમને કોઈનાથી જોખમ નથી પરંતુ માલપુર તાલુકાને ધારાસભ્ય જશુ પટેલથી જોખમ હોવાનો આક્ષેપ કરતા અને તેમના મત વિસ્તારમાં કામો થાય છે અને તેમને ખુદ તેમના ફેસબુક એકાઉન્ટ પર પોસ્ટ મૂકી હોવાનું જણાવ્યું હતું અને આજે જીલ્લા કલેક્ટરને ૧૭ થી વધુ સપરપંચ અને જીલ્લા સદસ્ય અને તાલુકા સદસ્યો સાથે મળી આવેદનપત્ર આપ્યું હોવાનું રટણ કર્યું હતું આમ વધુ એકવાર જીલ્લાના રાજકારણમાં હડકંપ મચ્યો છે

## અરવલ્લીના મોડાસા ખાતે શિક્ષક દિનની ઉજવણી કરાશે

પ્રખર શિક્ષણવિદ અને પૂર્વ રાષ્ટ્રપતિની ડૉ. રાધાકૃષ્ણ સર્વપલ્લીની જન્મ જયંતિ ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઉજવણી કરાશે. અરવલ્લી જિલ્લામાં આજે મોડાસા ખાતે શિક્ષક દિની ઉજવણી કરવામાં આવશે. શ્રી સી. જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલ, મોડાસા ખાતે સવારે ૯ કલાકે યોજાનાર શિક્ષક દિનની ઉજવણીમાં ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમના ચેરમેન શ્રી ડી. ડી. પટેલ ઉપસ્થિત રહિ અરવલ્લીના સારસ્વતોને સંબોધન કરશે.

# અરવલ્લીમાં ભાજપના આંતરિક જૂથવાદના ચક્રને ભેદવું સી. આર. પાટીલ માટે લોઢાના ચણા ચાવવા સમાન

રાજ્ય ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પટેલ ઉત્તર ગુજરાતના પ્રવાસે છે જેમાં શનિવારે સાંજે ૪ વાગે રાજેન્દ્રનગર ચોકડીથી અરવલ્લી જીલ્લાનું ભ્રમણ કરશે સીઆર પાટીલને આવકારવા જીલ્લામાં ઠેર ઠેર બેનરો જોવા મળી રહ્યા છે જીલ્લાના અગ્રણીઓ અને કાર્યકર્તાઓમાં અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે અરવલ્લી જીલ્લા ભાજપમાં આંતરિક જૂથવાદ પ્રવર્તી રહ્યો છે સમગ્ર દેશમાં વડાપ્રધાનની પ્રચંડ લહેર વચ્ચે પણ જીલ્લામાં જોવા મળતાં આંતરિક જુથવાદનો લાભ કોંગ્રેસને થતાં ત્રણે બેઠકો પર કોંગ્રેસના ધારાસભ્યો વિજેતા બન્યા હતા જીલ્લામાં પ્રફુલ પટેલ જૂથ,પ્રદીપ સિંહ જાડેજા જૂથ,નીતિન પટેલ જૂથ અને શંકર ચૌધરીના જૂથ હોવાનું રાજકીય સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી જીલ્લામાં ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો ચારેય દિશામાં વહેંચાયેલા છે ત્યારે જીલ્લામાં ભાજપના આંતરિક જુથવાદના ચક્રવ્યૂહને ખાળવામાં લોઢના ચણા ચાવવા પડે તો નવાઈ નહિ જીલ્લામાં વિવિધ મોરચામાં પણ જૂથવાદ પ્રવર્તી રહ્યો છે.



૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીમાં દેશમાં મોદી લહેર વચ્ચે પણ અરવલ્લી જીલ્લાની ત્રણેય વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોનો વિજય થયો હતો વિધાનસભાની અને લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપનો આંતરિક જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો ભાજપના આંતરિક જુથવાદના દર્શન નગરપાલિકાની પ્રમુખ, ઉપ્રમુખની ચૂંટણીમાં પણ થઈ ચુક્યા છે જીલ્લામાં બહારથી ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો ભલે શિસ્તબદ્ધ જણાઈ રહ્યા હોય પરંતુ આંતરિક જૂથવાદ મોટા પ્રમાણમાં પ્રવર્તી રહ્યો છે ત્યારે આગામી વિધાનસભા -૨૦૨૦ ની ચૂંટણીઓ માટે સીઆર પાટીલ રોડ મેપ તૈયાર કરી રહ્યા હોય તેમ ઉત્તર ગુજરાતના પ્રવાસે છે ત્યારે અરવલ્લી જીલ્લા ભાજપમાં જોવા મળતો આંતરિક જૂથવાદના ચક્રવ્યુંહના કોઠાને કઈ રીતે ભેદી શકે છે તે જોવું રહ્યું જીલ્લાના રાજકીય વિશ્લેષકોના જણાવ્યા અનુસાર જીલ્લાના આંતરિક જૂથવાદને ભેદવો અશક્ય છે જીલ્લા ભાજપના રાજ્યના મોટા નેતાઓએ મજબૂત પાયા નાખી દીધા છે જીલ્લામાં ચારેય નેતાઓના નામ પ્રદેશ પ્રમુખની રેસમાં હોવાનું જોરશોરથી કહી રહ્યા હતા ત્યારે કેન્દ્રની નેતાગીરીએ સીઆર પાટીલને પ્રદેશ પ્રમુખ બનાવતા સોપો પડી ગયો હતો જીલ્લામાં થતી રજેરજની માહિતી તેમના માનીતા નેતાઓ પાસે પહોંચી જતી હોય છે. અરવલ્લી જીલ્લા ભાજપના બક્ષીપંચ મોરચામાં વર્ષોથી ભાજપ સાથે સંકળાયેલા ક્ષત્રિય ઠાકોર સમાજના અગ્રણીઓ અને કાર્યકરો, રાજ્ય સભાના સાંસદ જુગલ ઠાકોર, અલ્પેશ ઠાકોરની ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણીઓ અને કાર્યકરોમાં પણ જૂથવાદ જોવા મળે છે અમદાવાદ પ્રમુખ જગદીશ પંચાલ નું પણ જૂથ જીલ્લામાં સક્રિય છે અનુસૂચિત જાતિ મોરચામાં શંભુપ્રસાદ ટુંડીયા અને આત્મારામ પરમાર નું જૂથ તેમજ અનુસૂચિત જનજાતિમાં રમીલાબેન બારા અને પૂર્વ આઈપીએસ પી સી બરંડાનું પણ જૂથ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## શામળાજી પોલીસે વાહનચેકિંગ દરમિયાન ભૂસાની આડમા ઘૂસાડાતો વિદેશી દારૂ ઝડપ્યો

અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા મળેલ સૂચના અન્વયે શામળાજી પોલીસ અણસોલ ગામના હાઈવે પરના ચેકપોસ્ટ પર હેડ કોન્સ્ટેબલ પ્રમોદ ચંદ્ર સુખદેવ પ્રસાદ અને પોલીસ સ્ટાફ સાથે વાહન ચેકિંગ કરી રહ્યા



હતા એ દરમિયાન આઈસર ટ્રક યુપી- ૨૧ -૪૨૨૫ની તલાશી લેતા કઠોળના ભૂસાની આડમાં લઈ જવાતો વિદેશી દારૂ ની પેટી નંગ ૨૩ તથા બોટલ નંગ૨૭૬ જેની કિંમત ૪૧ હજાર ચારસો તથા મોબાઈલ ની કિં ૨૫૦૦/ તેમજ આઈસર ટ્રક ની કિંમત રૂપિયા ૪ લાખ મળી કુલ મુદ્દામાલ ૮૧ હજાર પાંચસોનો કબજે લઈ ટ્રકના ચાલક રજનેશ ઓમ પ્રકાશ ધાનક ઉંમર વર્ષ પચ્ચીસ રહે ગામ ઉદેશપુર તા ગાનોર જી સોનીપત હરિયાણાને ઝડપી લઈ બાકીના વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે આની વધુ તપાસ શામળાજી પીએસઆઈ. એ એમ દેસાઈ ચલાવી રહ્યા છે.



અરવલ્લી કલાકાર અને સાઉન્ડ એસોસિએશનની રચના થઈ જેમાં સર્વાનુમતે નીચે પ્રમાણેના હોદ્દેદારોની તેમજ કારોબારી ની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે શ્રી કલ્પેશ રામી, ઉપપ્રમુખશ્રી હિમાંશુ ભાવસાર, મંત્રીશ્રી દિલિપ ભાવસાર, સહમંત્રીશ્રી ગિરીશ બારોટ, ખજાનચીશ્રી ધર્મેશ ભાવસાર, મિડિયા પ્રતિનિધિશ્રી અતુલ પરમાર, સોશિયલ મીડિયા એડિટર શ્રી પાર્થ ગાંધી, સર્વ સહાયક મંત્રી શ્રી વિનય વેલાણીની વરણી કરવામાં આવી હતી. તો તમામ અરવલ્લીના કલાકારો તેમજ સાઉન્ડ સિસ્ટમ (ડીજે)ના માલિકો એસોસિએશનમાં પોતાનું સભ્યપદ નોંધાવવા વિનંતી છે.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લી જિલ્લાની કારોબારી બેઠકમાં નવા હોદ્દેદારોની વરણી

મોડાસા, તા. ૪

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લી જિલ્લાની કારોબારી સભા પ્રાર્થના વિદ્યાલય, મોડાસા ખાતે યોજાઈ. જેમાં પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ, ગુજરાત પ્રાંતના અધ્યક્ષશ્રી ભીખાભાઈ પટેલ, મહામંત્રીશ્રી રતુભાઈ ગોળ, ઉપાધ્યક્ષ શ્રી સરદારસિંહ મછાર, ઉત્તર સંભાગના સંગઠનમંત્રી શ્રી કુબેરભાઈ ચૌધરી, સહસંગઠન મંત્રી શ્રી દિનેશભાઈ પટેલ, સાબરકાંઠના વરિષ્ઠ ઉપાધ્યક્ષ શ્રી જિજ્ઞેશભાઈ મેસરિયા, ધર્મ જાગરણ પરિયોજનાના ગુજરાત પ્રાંતના પ્રમુખ શ્રી મોહનભાઈ પટેલ, જિલ્લા સહસંઘચાલક શ્રી નટુભાઈ પટેલ, ભિલોડા તાલુકા કાર્યવાહ શ્રી જગદીશભાઈ મોડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં અરવલ્લી જિલ્લાના ડીપીઈઓ સ્મિતાબેન પટેલ અને નાયબ ડીપીઈઓ સમીરભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. અરવલ્લી જિલ્લાના અધ્યક્ષશ્રી મિનેષભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં જિલ્લાના ૮૦ થી વધુ શિક્ષક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં જિલ્લાના મહામંત્રી તરીકે પ્રજ્ઞેશભાઈ શર્મા, ઉપાધ્યક્ષ તરીકે ભાવેશભાઈ પ્રજાપતિ, રાજ્યના પ્રતિનિધિ તરીકે સુનિલભાઈ બ્રહ્મભટ્ટ ની વરણી કરવામાં આવી હતી. અને મેઘરજ અને માલપુર તાલુકાની નવિન કારોબારી ટીમની ઘોષણા પણ કરવામાં આવી હતી. જેમાં મેઘરજ તાલુકાના અધ્યક્ષ વિનોદભાઈ પટેલ, મહામંત્રી પરેશભાઈ પટેલ, વરિષ્ઠ ઉપાધ્યક્ષ વર્ગિસભાઈ ભગોરા, ઉપાધ્યક્ષ ભરતભાઈ ગુર્જેર, મહિલા મંત્રી નમ્રતાબેન ગામિત, સહમંત્રી વિનોદભાઈ જયશ્વાલ, સહમંત્રી અજયભાઈ ચૌહાણ, સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલ, સહસંગઠન મંત્રી સુરેશભાઈ પરમાર, કોષાધ્યક્ષ કનુભાઈ તરાર, પ્રચાર પ્રસાર મંત્રી રાજુભાઈ પટેલ, કાર્યાલય મંત્રી હિમાંશુભાઈ પ્રજાપતિ, આંતરિક ઓડિટર સચિનભાઈ પંડ્યા ની વરણી કરવામાં આવી હતી.

માલપુર તાલુકાના અધ્યક્ષ તખતસિંહ ઝાલા, મહામંત્રી દેવીદાસ વણકર, વરિષ્ઠ ઉપાધ્યક્ષ પ્રવિણભાઈ પટેલ, સંગઠનમંત્રી ચિરાગભાઈ પટેલ, મહિલા ઉપાધ્યક્ષ આરાધનાબેન બારિયા, મહિલા મંત્રી ઈલાબેન અસારી ની વરણી કરવામાં આવી હતી.

### અરવલ્લી જિલ્લાના શામળાજી પાસે દેવની મોરી ગામે

# પાણી પુરવઠા યોજના હેઠળ બનાવેલ પાણીનાં ટાંકામાંથી કલોરીન ગેસ લીકેજ

મોડાસા, ૦૪

શામળાજી નજીક આવેલ દેવની માંરી ગામે જુથ પાણી પુરવઠા યોજના એસ કે ટુ નું વિશાળ કેપેસીટી ધરાવતી પાણીની ટાંકી બનાવેલ છે આ પાણી પુરવઠા ની યોજના માં થી સિત્તેર ઉપરાંત ગામમાં પાણી પહોંચે છે આ એસ કે ટુ ના દેવની માંરી ગામે આ પુરવઠા વિભાગ માં મોટા મોટા ગેસ સિલિન્ડર હતાં તેમાં થી એક સિલેન્ડર માં થી કલોરીન ગેસ લીકેજ થતાં દેવની માંરી ગામજનો ને ગુંગળામણ અને.ખાસી ની તકલીફો થતાં આખાં ગામમાં રાત્રિના સમયે ગામજનો નાસભાગ કરવા લાગ્યા ગામના સરપંચ જયંતિ ભાઈ પારગી અને.ડેપયુ.સરપંચ પ્રવિણ સિંહ જાડેજા એ તાત્કાલિક ફાયરબ્રિગેડને ફોન કરીને બોલાવેલ હતું અરવલ્લી જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ નેં પણ જાણ કરતા જિલ્લા વહીવટી તંત્ર પણ દોડતું થઈ ગયું હતું આ ગેસ લીકેજ પર કાબુ મેળવવા માટે આવેલ ફાયરબ્રિગેડના કર્મચારીઓને પણ ગુંગળામણ થઈ ને બેહોશ થઈ જતાં તાત્કાલિક સારવાર માટે શામળાજી સી એસ સી હોસ્પિટલમાં ઓક્સિજન આપવામાં આવ્યો હતો આગેસ ની તિવ્રતા એટલી બધી હતી કે ગામજનો શ્વાસ લઈ શકતાં નહોતાં માંરી ગામના મહિપતસિંહ જાડેજા ને આ ગેસ ની અસર થી હજું પણ તેમને શ્વાસ લેવા માં તકલીફ પડે છે તેમની આંખો પણ લાલ થઈ ગયેલ હતી આ બનાવની જાણ થતાં અરવલ્લી જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ તથા કલેક્ટર મામલતદાર વિગેરે ધટના સ્થળે મુલાકાત લીધી હતી અને દેવની માંરી ગામજનો ની તપાસ માટે સવારથી આરોગ્ય ની ટીમો ધરે ધરે જઈ નેં તપાસ હાથ ધરી ને દવા આપવામાં આવી રહી છે.

આ અંગે ગામના સરપંચ જયંતિ ભાઈ પારગી એ જણાવેલ કે રાત્રે અગિયાર વાગ્યે ગામમાં દરેક વ્યક્તિ ને શ્વાસ લેવા માં તકલીફ પડતી હતી ઉધરસ તથા આંખો પણ બળતી.હતી અમોએ તાત્કાલિક ફાયરબ્રિગેડને જાણ કરેલ હતી અને લાગતા તમામ અધિકારીઓ ને રાત્રે જ જાણ કરી હતી જિલ્લા કલેક્ટર પણ રૂબરૂ મુલાકાત લીધી હતી અને અત્યારે ગામમાં આરોગ્ય વિભાગ નાં અધિકારી ઓ ધરે ફરીને દવા આપી રહ્યા છે.



## જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા કોરોના વોરિયર્સનું સન્માન કરાયુ

જયઅંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આજરોજ કોરોના વોરિયર્સનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલ, પ્રાંત સાહેબ, મામલતદાર સાહેબ, નગરપાલિકાના પ્રમુખ, બાયડ તાલુકાના સમસ્ત ડોક્ટર, બાયડ તાલુકાના સમસ્ત પત્રકાર, રિપોર્ટર્સનું કોરોના વોરિયર્સ તરીકે સન્માન કરવામાં આવ્યું હતું.